
કુનૂતની દુઆઓ

નમાઝમા કુનુત મુસ્તહબ છે પણ આપણે નમાઝમાં
જે કુનૂત પઢીએ તે અગર અલ્લાહના
કલામ કુરઆનની દુઆઓ હોય
તો કેવું સારું તો કુરઆનની 14 દુઆઓ
કુનૂતની સુરતમાં તમારી સામે પૈશ કરી


કુનુતની દુઆઓ ગુજરાતી
તરજુમાં સાથે

1. رَبَّنا آتِنا فِي الدُّنيا حَسَنَةً وَ فِي الْآخِرَةِ حَسَنَةً وَ قِنا عَذابَ النَّارِ (سوره بقره ، آيه 201)

અય અમારા પરવરદિગાર! અમને દુનિયામાં નૈકી અતા કર અને આખેરતમાં નૈકી અતા કર અને જહન્નમનાં અઝાબથી બચાવ.

2. رَبَّنا لا تُزِغْ قُلُوبَنا بَعْدَ إِذْ هَدَيْتَنا وَ هَبْ لَنا مِنْ لَدُنْكَ رَحْمَةً إِنَّكَ أَنْتَ الْوَهَّابُ: (سوره آل عمران ، آيه 8.)

અય અમારા પરવરદિગાર! અમને હીદાયત આપીયા પછી અમારી આત્મા અને દીલને આડે માર્ગે જવા દેજે નહિ અને અમને તારી પાસેથી રહેમત અતા કર, બેશક તું સૌથી મોટો રહેમત અતા કરનાર છે.

3. رَبَّنا إنَّنا آمَنَّا فَاغْفِرْ لَنا ذُنُوبَنا
وَ قِنا عَذابَ النَّارِ: (سوره آل عمران ، آيه 16.)
હે અમારા પરવરદિગાર ! બેશક અમે ઈમાન લાવ્યા છીએ
માટે અમારા ગુનાહો માફ કરી દે અને
અમને જહન્નમના અઝાબથી બચાવીને રાખ.

4. رَبَّنا أفْرِغْ عَلَيْنا صَبْراً وَ تَوَفَّنا مُسْلِمين:

(سوره اعراف ، آيه 126.)

હે અમારા પરવરદિગાર ! તું અમારા દીલને વિશાળતા અતા કર, અને અમારો અંત ઇસ્લામ ઉપર જ લાવજે.

5. رَبِّ اشْرَحْ لِي صَدْرِي وَيَسِّرْ لِي أَمْرِي وَاحْلُلْ
عُقْدَةً مِّن لِّسَانِي يَفْقَهُوا قَوْلِي (سوره طه ، آيه 25 - 28.)
અય મારા પરવરદિગાર! મારી છાતી મારા માટે વિશાળ કરી દે,
અને મારા કાર્યને મારા માટે (તદ્દન) સરળ કરી દે
અને મારી જીભમાંથી (તોતડાપણાની)
ગાંઠ ખોલી નાખઃ કે જેથી તેઓ મારી વાત સમજે.

6. رَبَّنَا اغْفِرْ لِي وَ لِوالِدَيَّ وَ لِلْمُؤْمِنِينَ يَوْمَ يَقُومُ الْحِسابُ : (سوره ابراهيم ، آيه 41.)

અય અમારા પરવરદિગાર! જે દિવસે હિસાબ લેવામાં આવશે (તે દિવસે) મને તથા મારા માં-બાપને તથા મોઅમીનોને માફ કરી દેજે.

7. رَبَّنا ظَلَمْنا أَنْفُسَنا وَ إِنْ لَمْ تَغْفِرْ لَنا وَ تَرْحَمْنا لَنَكُونَنَّ مِنَ الْخاسِرِينَ: (سوره اعراف ، آيه 23.)

અય અમારા પરવરદિગાર! અમોએ અમારા પોતાના પર ઝુલ્મ કર્યો છે, અને જો તું અમને માફ નહિ કર અને અમારા પર દયા નહિ કર તો અમે ખરેખર હાનિ ભોગવનારાઓમા થઇ જઇશું.

8. رَبِّ أَوْزِعْنِي أَنْ أَشْكُرَ نِعْمَتَكَ الَّتِي أَنْعَمْتَ
عَلَيَّ وَ عَلى والِدَيَّ وَ أَنْ أَعْمَلَ صالِحاً
تَرْضاهُ وَ أَدْخِلْنِي بِرَحْمَتِكَ فِي عِبادِكَ
الصَّالِحين: (سوره نمل ، آيه 19.)
અય મારા પરવરદિગાર ! જે નેઅમતો તેં મારા
ઉપર તથા મારા માબાપ ઉપર ઉતારી છે
તેનો શુક્ર માનવાની મને પ્રેરણા આપ, અને (એવું પણ કર કે)
હું કોઇ એવું સત્કાર્ય કરું કે જે તું પસંદ કરે,
અને તારી દયાથી મને તારા સદાચારી (સાલેહ)
બંદાઓમાં દાખલ કરી લે.

9. رَبِّ اجْعَلْنِي مُقِيمَ الصَّلاةِ وَ مِنْ ذُرِّيَّتِي
رَبَّنا وَ تَقَبَّلْ دُعا. (سوره ابراهيم ، آيه 40.)
અય મારા પરવરદિગાર! મને (નિયમિત) નમાઝ
અદા કરનારો બનાવ અને મારી ઓલાદને
પણ નિયમીત નમાઝ અદા કરનાર બનાવ
અને અય અમારા પરવરદિગાર! અમારી દુઆ કબૂલ કર.

10. رَبَّنا تَقَبَّلْ مِنَّا إِنَّكَ أَنْتَ السَّمِيعُ الْعَلِيمُ

(سوره بقره: 127)

અય અમારા પરવરદિગાર! અમારી (આ સેવા)
કબૂલ કર; બેશક તું મહાન સાંભળનાર
(અને) જાણનાર છે.

11. رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّئَاتِنَا
وَتَوَفَّنَا مَعَ الْأَبْرَارِ (سوره ال عمران 193)
અય અમારા પરવરદિગાર! તું અમારા ગુનાહ માફ કરી દે
અને અમારી બુરાઈઓને અમારાથી દૂર કરી દે
અને અમને સદાચારીઓની સાથે રાખજે .

12- رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَإِلَيْكَ أَنَبْنَا وَإِلَيْكَ الْمَصِيرُ
(سوره ممتحنه آيه 4)

અય અમારા પરવરદિગાર! અમે બધાજ કાર્યોમા તારા
પરજ ભરોસો રાખીએ છીએ અને અમે તારી
તરફ જ રજૂ થઇએ છીએ, અને આખીરમા
પાછું ફરવું પણ તારી તરફ જ થશે.

13-رَبَّنَا اكْشِفْ عَنَّا الْعَذَابَ إِنَّا مُؤْمِنُونَ

(سوره دخان آيه 12)

અય અમારા પરવરદિગાર અમારા ઉપરથી

આ અઝાબ ટાળી દે, અમે ખરેખર ઇમાન લાવનારાઓ છીએ

14-رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ
وَأَنْتَ خَيْرُ الْفَاتِحِينَ (سوره اعراف، آيه 89)

અય અમારા પરવરદિગાર! તું અમારી તથા અમારી
કોમ વચ્ચે રેહમતનો દરવાજો ખોલી દે કે તારી
રાહ હકની રાહ છે અને તુ જ સૌથી ઉત્તમ ફેંસલો કરનારો છે.